13L

રાજ્ય સરકારના કોઈપણ કાર્યક્રમ હેઠળની ગ્રાન્ટ જીલ્લા આયોજન, માન. સંસદ સભ્યશ્રી/માન. ધારા સભ્યશ્રી, નીતિ આયોગ વિગેરેની ગ્રાન્ટ માંથી હેન્ડ પમ્પ અને મીની પાઈપ યોજનાઓ બાબત.

# ગુજરાત સરકાર

## નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

## ઠરાવ ક્રમાંક : વીડબલ્યુએસ /૧૦/૨૦૧૫/૨૦૮/ખ-૪,

સચિવાલય ગાંધીનગર

તા- ૪ /૩/૨૦૧૫

**વંચાણે લીધા :**

(૧) નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ ના પરિપત્ર ક્રમાંક વીડબલ્યુએસ/૧૦૨૦૦૧/૩૯૪૧-એ/ખ-૪ તારીખ ૦૩/૧૦/૨૦૦૨.

(૨) અગ્ર સચિવશ્રી (પા.પુ.) ના અંગ્રેજી પત્રાંક પીએસ (ડબલ્યુએસ)/૧૬૫ તારીખ ૬/૮/૨૦૧૪.

(૩) સભ્ય સચિવશ્રી, પાણી પુરવઠા બોર્ડ અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી વાસ્મો, ગાંધીનગરના અંગ્રેજી પત્ર (સર્વે કલેક્ટરશ્રીઓને) ડી.ઓ. નં. જીડબલ્યુએસએસબી/સીએમ સંદર્ભ/સીઈ(એમ)/એચપી/૨૦૧૪/૧૧૧-૩/૧૨૭૩ તારીખ ૮/૮/૨૦૧૪.

(૪) સભ્ય સચિવશ્રી, પાણી પુરવઠા બોર્ડ અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી વાસ્મો, ગાંધીનગરના અંગ્રેજી પત્ર (સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને) ડી.ઓ. નં. જીડબલ્યુએસએસબી/સીએમ સંદર્ભ/સીઈ(એમ)/એચપી/૨૦૧૪/૧૧૧-૩/૧૨૭૪ તારીખ ૮/૮/૨૦૧૪.

(૫) સભ્ય સચિવશ્રી, પાણી પુરવઠા બોર્ડ અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી વાસ્મો, ગાંધીનગરના અંગ્રેજી પત્ર (સર્વે જીલ્લા આયોજન અધિકારીશ્રીઓને) ડી.ઓ. નં. જીડબલ્યુએસએસબી/સીએમ સંદર્ભ/સીઈ(એમ)/એચપી/૨૦૧૪/૧૨૭૬ તારીખ ૮/૮/૨૦૧૪.

Inward No. 2272
Registry Branch
G. W. S. S. BOARD
19 MAR 2015

Office of the Chief Engineer (Mechanical) G.W.S.S.B. Gandhinagar
Inward 632
Date 23/3/15
CE (Mech.)
S.E.(Mech.)
E.(Mech.)
Branch

**પ્રસ્તાવના :**

પાણી પુરવઠા પ્રભાગ હસ્તકના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા રાજયમાં હેન્ડપંપ અને મીની પાઇપો યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા અત્યાર સુધીમાં રાજયમાં લગભગ ૨,૨૩,૦૦૦ હેન્ડપંપ અને ૧૧,૧૪૭ જેટલી મીની પાઇપ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવેલ છે. આ બધી અસ્કયામતો માટે તકનીકી રીતે પ્રમાણિત થયેલ માપદંડ મુજબના સાધનો મુકવામાં આવે છે તથા તેની મરામત પણ તે પ્રમાણે કરવામાં આવે છે.

પાણી પુરવઠા વિભાગ સિવાય રાજયમાં બીજા વિભાગો જેવા કે પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, આદિજાતી વિકાસ વિભાગ, જિલ્લા આયોજન મંડળ તેમજ માન.સંસદસભ્યશ્રી અને માન.ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ હેઠળ પણ અલગ અલગ રીતે હેન્ડપંપ કે મીની પાઇપ યોજનાની કામગીરી કરવામાં આવે છે.

આ અંગેના નિયત ધારાધોરણ અને માપદંડો જાળવવા પાણી પુરવઠા વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક ૧ અને ૨ થી પંચાયત વિભાગ, આદિજાતિ વિભાગ વગેરે ને તેમજ વંચાણે લીધા ક્રમાંક ૩ થી ૫ દ્વારા જીલ્લા અધિકારીશ્રીઓનું આ બાબતે ધ્યાન દોરવામાં આવેલ છે.પરંતુ હેન્ડપંપોની બાબતમાં કોઇ એકસુત્રતા જળવાતી નથી. તેમજ અન્ય વિભાગો દ્વારા કરવામાં આવતા કામો નિયત થયેલ માપદંડો પ્રમાણે કરવામાં આવતા ન હોવાથી મરામત અને રીપેરીંગ થઇ શકતું નથી. આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણામાં હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં અન્ય વિભાગો દ્વારા જે તે વિભાગની ગ્રાન્ટમાંથી કરવાના થતા હેન્ડપંપ અને મીની પાઇપ, તથા બીજા પાણી પુરવઠા યોજનાના કામો પાણી પુરવઠા વિભાગના તંત્ર મારફત જ કરાવવાના રહેશે જેથી મરામત અને નિભાવણીની કામગીરીમાં સરળતા અને તાંત્રિક એકસુત્રતા જળવાય.

આ ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાક વીડબલ્યુએસ/૧૦૨૦૧૪/૫૭૦૬૦૮ પર સરકારશ્રીની અનુમતી અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમ થી અને તેમના નામે

(રવિ સોલંકી)
અધિક સચિવ (યોજના)

**પ્રતિ,**

- રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પા.પુ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પા.પુ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પા.પુ.), ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પંચાયત), ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આયોજન સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, બોર્ડ કચેરી. ગાંધીનગર.
- વિકાસ કમીશ્નરશ્રી, વિકાસ કમીશ્નરશ્રીની કચેરી, ડોક્ટર જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- કમીશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બીરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન(વાસ્મો), ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લી., ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી, યાંત્રીક/પ્લાનીંગ/ટેકનીકલ ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૧,૨,૩,૪,૫ ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, બોર્ડ કચેરી. ગાંધીનગર
- કલેક્ટરશ્રી,(સર્વે).
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી (સર્વે)
- નાયબ સેકશન અધિકારી/સિલેક્ટ ફાઇલ.